AP-1115 Seat No.________

# M. A. (Part - I) (Non CBCS) Examination

March/April – 2016

## Gujarati : Paper - I

*(શકવર્તીકૃતિઃ 'માનવીનીભવાઈ')*

Time : 3 Hours] [Total Marks : **100**

**સૂચના :** (૧) દરકે પ્રશ્નની સામે ગુણ દર્શાવવામાં આપેલ છે.
(૨) બધા જ પ્રશ્નોના ઉત્તર ફરજિયાત છે.
(૩) પ્રસ્તુત પ્રશ્નપત્ર પાંચ પ્રશ્નોમાં વહેંચાયેલું છે.

૧ 'માનવીની ભવાઈ' નવલકથાને આધારે નવલકથાકાર તરીકે પન્નાલાલ પટેલની સાધક-બાધક ચર્ચા કરો ? **૨૫**

**અથવા**

૧ 'જનપદની વેદના અને સંવેદનાનો યુગબોધ કરાવતી નવલકથા તરીકે 'માનવીની ભવાઈ'ને મૂલવો ?

૨ ટૂંક નોંધ લખો : (કોઈ પણ **બે**) **૨૫**
(૧) 'માનવીની ભવાઈ'માં પ્રગટતી પ્રણયભાવના
(૨) 'માનવીની ભવાઈ'નું શીર્ષક ઔચિત્ય
(૩) કાળુનું ચરિત્રચિત્રણ
(૪) 'માનવીની ભવાઈ'ની ગદ્યશૈલી.

૩ ટૂંક નોંધ લખો : (કોઈ પણ **બે**) **૧૫**
(૧) ગુજરાતી કવિતામાં રચનારીતિનાં પ્રયોગો
(૨) ગુજરાતી સાહિત્યમાં ઍબ્સર્ડ નાટકો
(૩) મનોવિશ્લેષણાત્મક અભિગમ
(૪) ગુજરાતી સાહિત્યમાં અસ્તિત્વવાદ.

૪ નીચે આપેલ કોઈ પણ એક કાવ્યનો આસ્વાદ કરો : ૨૦

**નિર્દોષને નિર્મળ આંખ તારી**

નિર્દોષ ને નિર્મળ આંખ તારી
હતી હજી યૌવનથી અજાણ,
કીધો હજી સાસરવાસ કાલે,
શૃંગાર તેં પૂર્ણ ચિતા મહી કર્યો!
કૂંળી હજી દેહલતા ન પાંગરી,
કૌમાર ઓછું ઊઘડ્યું ન ઊઘડ્યું,
પ્હેરી રહે જીવનચૂંદડી જરી,
સરી પડી ત્યાં તુજ અંગથી એ!
સંસારના સાગરને કિનારે
ઊભા રહી અંજલિ એક લીધી,
ખારું મીઠુંએ સમજી શકે ત્યાં
સરી પડ્યો પાય સમુદ્રની મહીં!
છો કાળ આવે, શિશિરોય આવે
ને પુષ્પ કૂંળાં દવમાં પ્રજાળે;
સુકોમળી દેહકળી અરે અરે
વસંતની ફૂંક મહીં ખરી પડી!

- હરિચંન્દ્ર ભટ્ટ (સ્વપ્નપ્રયાણ)

**અથવા**

૪ **જૂનુ ઘર ખાલી કરતાં**

ફંફોસ્યું સૌ ફરી ફરી અને હાથ લાગ્યુંય ખાસ્સુંઃ
જૂનું ઝાડુ, ટુથબ્રશ, વળી લક્સ સાબુની ગોટી,
બોખી શીશી, ટિનનું ડબલું, બાલદી ફૂખકાણી,
તૂટ્યાં ચશ્મા, ક્લિપ, બટનને ટાંકણી, સોયદોરો!
લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું જે
મૂકી ઊંધુ સુપરત કરી લારી કીધી વિદાય
ઊભાં છેલ્લી નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ
જ્યાં વિતાવ્યો પ્રથમ દસકો મુગ્ધ દામ્પત્ય કેરો;
જ્યાં દેવોનાં પરમ વર શો પુત્ર પામ્યાં પનોતો
ને જ્યાંથી રે કઠણ હૃદયે અગ્નિને અંક સોંપ્યો!
કોલેથી જે નીકળી સહસા ઊઠતો બોલી જાણેઃ
'બા-બાપુ! ના કશુંય ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે ?'
ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા!
ઉપાડેલા ડગ ઉપર શા લોહ કેરા મણીકા

- બાલમુકુન્દ દવે (પરિક્રમા)

૫ ગદ્યખંડનું વિવરણ કરો ? (કોઈ પણ એક) ૧૫

આજનું સરકારી શિક્ષણ મોટે ભાગે વિદ્યાની ભીખ માગવાનું વ્યવસ્થાતંત્ર છે. વસ્તુતઃ શિક્ષણ જ સમગ્ર વિશ્વની અતિથિશાળા બનવું જોઈએ. ભારત હીનતા છોડી પૃથ્વીનાં પૂર્વ ગોળાર્ધની વિશ્વ આખું પ્રેરણા લે એવી શિક્ષણની અતિથિશાળા બને, એમ હું પ્રાર્થું છું.

- રવિન્દ્રનાથ ટાગોર

**અથવા**

આહાર, ભય, નિંદ્રા અને મૈથુન - આ ચાર બાબતમાં મનુષ્ય બધાં પ્રાણીઓથી જરાય ચડિયાતો નથી. પણ સર્વે પ્રાણીઓને નથી મળ્યું, તે આ મનુષ્ય પ્રાણીને બુદ્ધિનું વરદાન મળ્યું છે. બુદ્ધિ એટલે સારા સારનો વિવેક, એનાંથી જ માણસ સર્વે પ્રાણીઓ ઉપર પ્રભુત્વ ધરાવે છે. પ્રભુત્વ સમભાવી વર્તન માટે છે. સમભાવી વર્તન વિનાનો માનવી 'પશુ' છે. માનવધર્મનાં દસે લક્ષણ 'નીતિ' શબ્દમાં જ સૂચવાય છે. માનવ નીતિને આત્મસાત્ કરી ધર્મનિષ્ઠ બને છે.

- કે. કા. શાસ્ત્રી

---